
ગિટલ ના હાથ

એરિકા સિલ્વરમેન
ચિત્ર: ડેબોરા લેટીમોર





ગિટલ ના હાથ

એરિકા સિલ્વરમેન

ચિત્ર: ડેબોરા લેટીમોર



મારા પિતા હેરોલ્ડ અને મારા દાદા જેકબની મધુર સ્મૃતિમાં

- ઇ. એસ.

એરિકા માટે, જેના સુંદર હાથો અને દિલે મને આ વાર્તાને ચિત્રિત કરવાનો અવસર આપ્યો, તથા બોની અને આયલીનને સસ્નેહ અને આભાર સાથે

-ડી. એન. એલ.





ઘણા સમય પહેલા એક માણસ હતો જે યાકોવ પખાલી (પાણી લાવનાર) કહેવાતો હતો. એ એની દીકરી ગિટલ સાથે કાર્પેથિઅન પર્વતની તળેટીમાં વસેલા એક નાના ગામના નાના ઘરમાં રહેતો હતો. યાકોવને બોલવાનું બહુ પસંદ હતું. અને કેમકે ગિટલ એક સંસ્કારી દીકરી હતી, એ સાંભળવાનું જાણતી હતી.

એ ખાવાનું બનાવતા અને રોટલી શેકતા, ભરતકામ અને સીવણકામ કરતા, એના પિતાની વાતો સાંભળતી હતી. એ હંમેશા એના હાથોથી કામ કરતી રહેતી હતી. એ ચીંથરા અને નકામા કપડાને જોડીને અનાથ બાળકો માટે રમકડાં અને ભિખારીઓ માટે ગલપટ્ટા બનાવતી હતી.



ગિટલ જે કંઇ કરતી એ એના પિતાની નજરમાં એક અજાયબી હતી. યાકોવ જેને પણ મળતો એની સામે એની દીકરીના ખુબ વખાણ કરતો, અને મોટી-મોટી ડિંગ હાંકતો.

"મારી દીકરીએ મારે માટે એટલી સુંદર પ્રાર્થના કરવા માટેની શાલ બનાવી, જે પયગંબર એલિજાહને લાયક હોય," યાકોવે મોચીને કહ્યું.

ગિટલના ગાલ શરમથી લાલ થઇ ગયા. "એ એક સાદી શાલ છે, પાપા," એણે ધીરેથી કહ્યું.

"એણે બનાવેલી સેવની ખીરમાં સ્વર્ગનો સ્વાદ હોય છે," યાકોવે પીંછા કાઢવાવાળાને કહ્યું.

ગિટલની આંખો ઝૂકી ગઇ. "સાધારણ ખીર જ હતી," એણે એના પિતાને કહ્યું.



એણે રબ્બી (યહૂદી ધર્મગુરુ) ની પત્નીનું ઝૂકીને અભિવાદન કર્યું, અને બોલ્યો, "તમે મારી ગિટલના હાથનું કામ જોયું છે?"

"પાપા, મહેરબાની કરો," ગિટલે ગણગણાટ કર્યો.

યાકોવે એનો અવાજ વધારે મોટો કર્યો અને બોલ્યો, "એણે બનાવેલું શમાદાન (એ પાત્ર જેમાં મીણબત્તીઓને મૂકીને સળગાવી શકાય છે) તમે ક્યારેય જોયું નહીં હોય!"

"આટલું બોલવાનું!" રબ્બીની પત્નીએ ભવા સંકોચ્યા. "તમારા શબ્દો સાવધાનીથી વાપરો, રેબ (શ્રી) યાકોવ. શું તમને ખબર નથી કે બડાઇ મારવાથી કમનસીબી આવે છે?"

"બડાઇ કોણ મારે છે?" યાકોવે ઉત્તર આપ્યો. "મારો એક-એક શબ્દ સાચો છે."

રબ્બીની પત્નીએ ચેતવણી આપતા એની આંગળી ચીંધી, "બોલેલા શબ્દો ડિબબુક (દુષ્ટ આત્મા) જેવા હોય છે. એ અહીં-તહીં નાચે છે. એ ઘણી મુસીબતો ઉભી કરે છે."

યાકોવ હસ્યો. "શું બેવકૂફી છે! હું શબ્દોથી ડરતો નથી."



એક વરસ શિયાળો લાંબો ચાલ્યો. જયારે ગિટલ વસંતનો ઉત્સવ પાસઓવર (એક યહૂદી તહેવાર) માટે તૈયારી કરવા લાગી હતી ત્યારે પણ બરફ જમીન પર પથરાયેલો હતો. એની શાલની નીચે થરથરતા, ગિટલે દીવાલો ધોઇ. પાસઓવેર પર જે પ્લેટ, પ્યાલા અને વાસણો વપરાવાના હતા, એને રગડીને સાફ કર્યા. એણે માત્ઝો (પાતળા ચપટા પાઉં) નો લોટ બાંધ્યો અને ભઠ્ઠી પાસે ગઇ.



એક દિવસ એ માત્ઝોને ઢાંકવાના રૂમાલ પર ભરતકામ કરી રહી હતી ત્યારે એના પિતા બપોરના ભોજન માટે ઘરે આવ્યા.

"શિયાળાનું સૂકું ઘાસ ખલાસ થઇ ગયું છે," એણે ઉદાસ થઈને કહ્યું, "અને ઘાસનો વેપારી પહેલાના ઉધારના ચાલીસ રૂબલ માંગી રહ્યો છે, જે મેં હજી ચૂકવ્યા નથી."

"શું આપણે એને બીજી કોઈ રીતે ચૂકવી ન શકીયે? સફરજન વેચવાવાળાએ એક વાર તમને રૂબલને બદલે સફરજન આપ્યા હતા." એ છુટાછવાયા રાચરચીલા પર નજર દોડાવવા લાગી.

યાકોવે નજર ઝુકાવી. "મારી પાસે એવું શું છે જેની જરૂર રેબ રાયાને હોય? પાણી? એની પાસે પોતાનો કૂવો છે." અચાનક એની આંખો ચમકી. "બેટા, મારી સાથે આવ."

યાકોવે ઘોડાને ગાડી સાથે જોતર્યો અને ગિટલને રેબ રાયાના શાનદાર ઘરે લઈ ગયો. "તું ચૂપ રહેજે," એણે ગિટલને હૂકમ કર્યો. "મને વાત કરવા દેજે."

રેબ રાયાએ દરવાજો ખોલ્યો.

"શુભ દિવસ, રેબ રાયા," યાકોવે કહ્યું. "જ્યારે તમે મારી દીકરીના હાથનું કામ જોશો, તો તમે એની પાસે તમારું સીવણકામ કરાવવા રાજી થશો. આ રીતે અમે તમારા ઘાસનું ઉધાર ચૂકવી શકીશું."

"હું મારું કામ એક શ્રેષ્ઠ દરજણ પાસે કરવું છું," રેબ રાયાએ ઉત્તર આપ્યો.



"પણ ગિટલ એનાથી ઘણી વધારે હોંશિયાર છે," યાકોવે ભારપૂર્વક કહ્યું. "એ ચીંથરા અને દોરાથી માત્ઝો માટે એક સુંદર રૂમાલ બનાવી શકે છે."

"ઓહ પાપા, નહીં!" ગિટલે મનમાં વિચાર્યું. એણે પિતાની બાંય ખેંચી.

પણ એક વાર બોલેલા શબ્દો ડિબબુક જેવા હોય છે. એ અહીં-તહીં નાચે છે. અને બધી જાતની મુશ્કેલી ઉભી કરે છે.

"વધારે સારું?" ઘાસના વેપારીએ કહ્યું. "જો તું સાચું બોલી રહ્યો છે, તો તારી દીકરી મારે માટે કામ કરી શકે છે. અને નહીં, તો હું તારું પાણીનું પીપ લઈ લઈશ, જેમાંથી તારી ઉધારીમાંથી થોડી ચુકવણી થઈ જશે."





રેબ રાયા ગિટલને એના દીવાનખંડમાં લઈ ગયો. એણે એને એક કપડાનો ટૂકડો આપ્યો ને દોરાની એક રીલ આપી. "હું એક કલાકમાં પાછો આવીશ."

"મહેરબાની કરીને સીવવા માટે એક સોય તો આપો," ગિટલે કહ્યું.

"તારા પિતાએ સોયની તો કોઈ વાત કરી જ ન હતી," રેબ રાયાએ કહ્યું, અને દરવાજો બંધ કરીને જતો રહ્યો. ગિટલે દીવાનખંડમાં સોય માટે શોધ કરી, પણ સોય ક્યાંય મળી જ નહીં.

અચાનક ચીમનીમાંથી આવતા પાંખોના ફફડાટે એને ચોંકાવી દીધી. એણે ઝાંકીને જોયું તો એમાં એક પારેવું ફસાઈ ગયું હતું. એણે હાથ આગળ કર્યો અને એને સાવધાનીથી કાઢ્યું. થરથર કંપતુ પારેવું એના પીંછાને ચાંચથી સાફ કરવા લાગ્યું.

"ઓ નાના પારેવા, હું રૂમાલ તો બનાવી શકતી નથી, પણ તારી મદદ તો કરી જ શકું છું." એણે કપડાથી પારેવાના મેશ અને રાખ લૂછ્યાં.

એણે એક બારી ખોલી અને પારેવાને બહાર ઉડાડી દીધું. જયારે પારેવું ઉડી ગયું, તો ગિટલને લાગ્યું કે બહાર આંગણામાં કોઈ છે. "બહાર કોણ હોઈ શકે?" એણે મનમાં વિચાર્યું.



થોડી વારમાં દરવાજો ખુલ્યો અને રેબ રાયા ધમધમ કરતો અંદર આવ્યો, એની પાછળ યાકોવ હતો.


"જેવું મેં વિચાર્યું હતું," રેબ રાયાએ કહ્યું, "કોઈ માત્ઝો રૂમાલ નથી. પીપ મારુ થયું."


"એવું બની જ ન શકે," રોતલ અવાજે યાકોવે કહ્યું.

"પાપા, મને સમજાવવા ધો," ગિટલે આજીજી કરી.

"તું ચૂપ રહે!" યાકોવ જોરથી બોલ્યો. "હું જોઉં છું." એ રેબ રાયા તરફ ફર્યો, "સીવણકામ-ભરતકામ છોડો, મારી દીકરી સૌથી સ્વાદિષ્ટ ખાવાનું બનાવી શકે છે."

રેબ રાયાએ એની આંખો નચાવી, અને શાનથી બોલ્યો, "મારી પાસે ઉમદા રસોઈયણ છે."





"ગિટલ એનાથી વધારે સારું ખાવાનું બનાવી શકે છે," યાકોવે ખાતરીપૂર્વક કહ્યું. "એ ઘરમાં ખાતાં છાંડેલા અન્નમાંથી તહેવારનું ભોજન તૈયાર કરી શકે છે."

ગિટલે પિતાના ખભા પર ટપલી મારી. એ ગણગણી, "પાપા..."

પણ એક વાર બોલેલા શબ્દો ડિબબુક જેવા હોય છે. એ અહીં-તહીં નાચે છે. અને બધી મુશ્કેલી ઉભી કરે છે.

"જો તું જે કહે છે એ ગિટલ કરી નહીં શકે, તો હું તારો છકડો લઈ લઈશ. એનાથી તારી ઉધારીમાંથી થોડીક ચુકવણી તો થઈ જશે."



રસોડામાં રેબ રાયાએ ગિટલને એક ઇંડુ, અડધો કપ દૂધ, અને થોડું પનીર આપ્યા. એણે ભંડારઘરમાં તાળું માર્યું, અને બોલ્યો, "હું એક કલાકમાં આવીશ."

"મહેરબાની કરીને ખાવાનું પકાવવા માટે બળતણના લાકડા તો આપો," ગિટલે કહ્યું.

"તારા પિતાએ લાકડા વિષે તો કંઇ કહ્યું જ નથી." એણે રસોડાનો દરવાજો બંધ કર્યો.

બળતણના લાકડા શોધવા જતા ગિટલને કણસવાનો અવાજ સંભળાયો. એક દુબળી-પાતળી બિલાડી કૂદીને બારીની છાજલીમાં આવી હતી.



"નાની બિલાડી, હું બળતણ વગર કંઇ બનાવી નહીં શકું, પણ તને કંઇક ખવડાવી તો શકીશ."

ગિટલે પનીર, દૂધ અને ઇંડુ બિલાડી સામે રાખ્યા અને એને ખાતા જોઇ રહી. ક્યાંક બહારથી એને પગરવ સંભળાયા. એ આંગણામાં જોવા લાગી.

"કોઇ બહાર છે," ગિટલે બિલાડીને કહ્યું. બિલાડીએ એની લીલી આંખો ઝબકાવી.



એ જ સમયે રેબ રાયાએ રસોડાનો દરવાજો ખોલ્યો. યાકોવ એની પાછળ હતો.

"જેવું મેં વિચાર્યું હતું," ઘાસનો વેપારી બોલ્યો. "છકડો મારો થયો."

યાકોવ એની પાછળ દોડયો. "મહેરબાની કરીને અમને હજી એક મોકો આપો."


"પાપા મને વાત સમજાવવા દો," ગિટલે કહ્યું.

"આ તારો ચૂપ રહેવાનો સમય છે."

યાકોવ રેબ રાયા તરફ ફર્યો. "બની શકે છે કે રસોઇનું કામ બરાબર થયું ન હોય. પણ મારી ગિટલ બહુ સુંદર પ્યાલા, પ્લેટ અને શમાદાન બનાવી શકે છે."

"પાપા, બસ કરો," ગિટલ ગણગણી. એક વાર બોલેલા શબ્દો ડિબબુક જેવા હોય છે. એ અહીં-તહીં નાચે છે. અને બધી મુશ્કેલીઓ ઉભી કરે છે.

"ઠીક છે," રેબ રાયાએ જલ્દીથી કહ્યું. "તું જેમ કહે છે એમ ગિટલ જો કરી શકતી હોય, તો ચોક્કસ એ મારે માટે કામ કરી શકે છે. પણ જો કરી ન શકે તો તારો ઘોડો મારો થઇ જશે અને તારી બધી ઉઘરાણી ચૂકવાઇ જશે."



રેબ રાયા ગિટલને એના ભંડકિયામાં લઇ ગયો અને એને એક ચાંદીનો સિક્કો આપ્યો. "તારી પાસે સૂર્યાસ્ત સુધીનો સમય છે."

ગિટલ ભંડકિયામાં આંટા મારવા લાગી. "છકડા વગર, પીપ વગર, અને ઘોડા વગર તો મારા પાપા પાસે કંઇ બચશે નહીં. જો હું એની મદદ કરી શકતી હોત તો..." એ બારીની બહાર જોવા લાગી.

અચાનક આંગણાના પડછાયામાંથી એક ઠંડીથી કંપતો ભિખારી બહાર નીકળ્યો.





"હું મારા પિતાની મદદ તો કરી નથી શકતી," ગિટલે કહ્યું, "પણ આ તમને થોડો ગરમાવો તો આપી શકશે." એણે એની શાલ ભિખારીને આપી દીધી.

ભિખારીએ શાલ લીધી. પછી એણે હાથ હલાવ્યો...



...અને એ ભંડકિયામાં ગિટલની સામે ઉભો હતો. લીલી આંખોવાળી બિલાડી એના પગ પાસે હતી, અને એના ખભા પર પારેવું બેઠું હતું. અચાનક એક કામ કરવાનું ટેબલ એની સામે હતું જેની ઉપર ઓજાર હતા અને ચાંદીની લગડી હતી. તાપણાંમાં આગ સળગી રહી હતી.



બહાર સૂરજ થંભી ગયો.

ભિખારીએ ગીટલને શમાદાન અને નમૂનેદાર પ્લેટ બનાવતા શીખવાડયું. અને એણે મૌન સંમતિથી ગિટલને એલિજાહનો પ્યાલો બનાવતા જોઈ.

ભિખારીએ ગિટલની આંખોના ઊંડાણમાં જોયું.

ગિટલે આ પહેલા કોઈની આંખોમાં આટલી કરુણા જોઈ ન હતી. એ સમજી ગઈ કે એની સામે પયગમ્બર એલિજાહ જ ઉભા છે. "હું તમારો આભાર કેવી રીતે માની શકીશ?" એ હળવેથી બોલી.



એલિજાહે સ્મિત કર્યું. "તારા હાથોના કામથી. તારા દિલના સારાપણાથી. અને તારા શબ્દોની બુદ્ધિમત્તાથી." એટલું બોલીને એ ગાયબ થઈ ગયા.

એ જ્યાં ઉભા હતા ત્યાં હવા હજી ઝબકી રહી હતી. અને ભટ્ઠી પાસે એક ચાંદીનો સિક્કો પડયો હતો.



બહાર સૂરજ પહાડોની પાછળ ડૂબી ગયો.

ભંડકિયાનો દરવાજો ખુલ્યો. રેબ રાયા અને યાકોવ અંદર ઘુસ્યા.

રેબ રાયાની આંખો પહોળી થઈ ગઈ.

યાકોવ પણ એની દીકરીએ બનાવેલી સુંદર વસ્તુઓ જોવા લાગ્યો.

"મેં કહ્યું હતું ને કે મારી દીકરી બહુ સક્ષમ છે. અરે મારી દીકરી તો..."





"તારી દીકરી મારે માટે કામ કરી શકે છે," રેબ રાયા બોલ્યો. "આજથી જ! એ ચાંદીની વસ્તુઓ બનાવશે અને હું એને વેચીશ." એણે વાત પાકી કરવા એનો હાથ આગળ કર્યો.

પખાલી યાકોવે પણ એનો હાથ આગળ કર્યો. "મારી દીકરી ખુશીથી તમારે માટે કામ કરશે."

"પાપા, થોભો!" ગિટલ જોરથી બોલી, અને બંનેની વચ્ચે જઈને ઉભી રહી. "મેં અત્યાર સુધી ઘણું સાંભળ્યું. હવે, તમારી સંમતિથી હું બોલીશ."



પખાલી ચોંકીને એની દીકરીને જોવા લાગ્યો.

"કેમકે મારી પાસે સીવણકામ-ભરતકામ માટે સોય ન હતી, ન ભોજન બનાવવા બળતણ," ગિટલે કહ્યું, "આ માણસે તમને દગો દીધો છે. તમારું પીપ અને છકડો હડપી લીધા છે. હું એને માટે ક્યારેય કામ નહીં કરું." એટલું બોલીને ગિટલે એના હાથોથી બનાવેલી વસ્તુઓ ભેગી કરી અને બહાર નીકળવા લાગી. યાકોવ એની પાછળ હતો.

"અરે, ઉભા રહો," ઘાસનો વેપારી બોલ્યો, "તું તારું પીપ અને છકડો લઈ લે. અને તારા ઘોડા માટે વધારે ઘાસ પણ."



"મારા મિત્ર યાકોવ," એણે ઉમેર્યું, "આખરે તું છોકરીનો બાપ છે, તું એને કહે કે એણે મારે માટે કામ કરવું જ પડશે."

યાકોવે ગર્વથી સ્મિત કર્યું. "મારી દીકરી પોતાને માટે સ્વયં બોલે છે," એણે જવાબ આપ્યો. "અને એ બીજા કોઈથી વધારે સારું બોલી શકે છે."





એ પછી લોકો માઈલો દૂર વસેલા ગામથી ગિટલના હાથની કારીગરી જોવા આવવા લાગ્યા. એ એણે બારીકીથી બનાવેલા શમાદાન, નમૂનેદાર પ્લેટો, અને એલિઝાના પ્યાલા ખરીદતા હતા.

કહેવાય છે કે સ્વયં એલિજાહે ગિટલને એ હુન્નર શીખવાડયું હતું.

પણ આ વાત કોઈને કહેતા નહીં. કારણકે બોલેલા શબ્દો ડિબબુક જેવા હોય છે. એ અહીં-તહીં નાચે છે. અને બધી મુશ્કેલી ઉભી કરે છે.

વાર્તાના થોડા શબ્દો

પાસઓવર - વસંતમાં આવતો એ ઉત્સવ જે યહૂદીઓ ઇજિપ્તની ગુલામીમાંથી મુક્ત થવાની યાદમાં મનાવે છે.

શસ્તેતલ - પૂર્વ યુરોપનું નાનું ગામ.

ડિબબુક - શૈતાની દુષ્ટ આત્મા.

માત્ઝો - પાતળા ચપટા પાઉં જે પાસઓવર વખતે ખવાય છે.

માત્ઝો રૂમાલ - માત્ઝોને ઢાંકવા માટે બનાવેલો ભરતકામવાળો રૂમાલ.

એલિજાહ - યહૂદી લોકકથાઓમાં એલિજાહ એક સ્નેહાળ અને જાદુઈ પયગમ્બર છે, જે મુસીબત વખતે ગરીબ અને દયાળુ લોકોની મદદ કરે છે.

એલિજાહનો પ્યાલો - એક ખાસ ચાંદીનો પ્યાલો જેમાં પયગમ્બર એલિજાહ માટે દારૂ પીરસવામાં આવે છે.

સેડર - પાસઓવર નું પવિત્ર ભોજ જે દરમ્યાન પાસઓવરની કથા વાંચીને, ગાઈને સંભળાવવામાં આવે છે અને પ્રાર્થના કરવામાં આવે છે.

સેડર પ્લેટ - નક્શીકામ કરેલી પ્લેટ જેમાં ભોજની સામગ્રી રાખવામાં આવે છે, જેથી લોકો ગુલામીનું દુઃખ અને આઝાદીની ખુશીને યાદ રાખે.



એક નાના પોલિશ ગામમાં પિતાએ મારેલી ડિંગ પછી ગિટલ નામની એક કિશોરીને થોડા અસંભવ કામ કરવાનું કહેવામાં આવે છે. જોકે ગિટલને નિરાશા જ મળે છે, એના દયાળુ હૃદય અને સારા કામને લીધે પયગમ્બર એલિજાહ એને ઇનામ આપે છે. આ પાસઓવર નો ચમત્કાર જ છે.